# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામની મુલાકાતે - બે ચૂંટણી રેલીને સંબોધન કરશે.

2) નવા આવકવેરા કાયદા સહિતના નાણાકીય સુધારાઓ આજથી અમલમાં આવશે.

3) વસ્તી ગણતરી-2027નો પ્રથમ તબક્કો આજથી શરૂ થશે.

4) રશિયાનું AN-26 સૈન્ય પરિવહન વિમાન તૂટી પડતાં 29ના મોત.

5) ફૂટબોલમાં, AFC એશિયન કપ સાઉદી અરેબિયા 2027 ક્વોલિફાયર્સમાં ભારતે હોંગકોંગને 2-1 થી હરાવ્યું.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM AASAM

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે આસામના પ્રવાસે ગઈકાલે રાત્રે દિબ્રુગઢ પહોંચ્યા.

પ્રધાનમંત્રી આજે ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચારના ભાગ રૂપે બે જાહેર રેલીઓને સંબોધન કરશે. પ્રથમ રેલી સવારે 11 વાગ્યે ધેમાજી જિલ્લાના ગોગામુખ ખાતે યોજાશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી બપોરે 1 વાગ્યે બિશ્વનાથ જિલ્લાના બેહાલી જશે અને ત્રણ મહત્વપૂર્ણ મતવિસ્તારો - બિશ્વનાથ, બેહાલી અને ગોહપુરના મતદારોને આવરી લેતા બીજી રેલીને સંબોધન કરશે.

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે પણ ભારતે પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી છે. શ્રી મોદીએ ગઈકાલે ગુજરાતના વાવ-થરાદ જિલ્લાના નાની ખાતે આશરે 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે આ મુજબ જણાવ્યુ.

તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકારે પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસર દેશના નાગરિકો પર પડવા દીધી નથી.

## BYTE: PM- WEST ASIA

આ અગાઉ, પ્રધાનમંત્રીએ સાણંદમાં કેન્સ સેમિકન્ડક્ટરના OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

# NEW FINANCIAL AMENDMENTS

નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે, આજથી મુખ્ય નાણાકીય નિયમોમાં ફેરફાર સહિતના સુધારાઓ અમલમાં આવશે. છ દાયકાથી વધુ જૂના કાયદાના સ્થાને નવો આવકવેરા કાયદો, 2025 આજથી અમલી બનશે.

સાંભળીએ એક અહેવાલ ...

**VC- ANUPAM-MISHR**

# PARLIAMENT TODAY

લોકસભા આજે વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક, 2026 પર ચર્ચા કરાશે. જે વિદેશી યોગદાન (નિયમન) અધિનિયમ, 2010 માં સુધારો કરશે. આજે જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) વિધેયક, 2026 પર પણ ચર્ચા થશે. જે જીવન અને વ્યવસાય કરવાની સરળતા વિશ્વાસ-આધારિત વહીવટને વધારવા માટે ગુનાઓને ગુનાહિત અને તર્કસંગત બનાવવા માટેના કેટલાક કાયદાઓમાં સુધારો કરશે.

રાજ્યસભામાં, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સામાન્ય વહીવટ) વિધેયક, 2026 પર ચર્ચા થશે. ઉપરાંત નાદારી અને નાદારી સંહિતા (સુધારા) વિધેયક, 2026 પણ આજે ઉપલા ગૃહમાં રજૂ થશે.

# MAHA -NAXAL SURRENDER

મહારાષ્ટ્રમાં ૩૦ લાખ રૂપિયાનું સંયુકત ઇનામ ધરાવતા ૯ નક્સલીઓએ ગઇકાલે ગઢચિરોલી પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આત્મસમર્પણ કરનારા નક્સલીઓ છત્તીસગઢમાં કાર્યરત ઇન્દ્રાવતી પ્રાદેશિક સમિતિ અને રાષ્ટ્રીય ઉદ્યાન પ્રાદેશિક સમિતિ સાથે સંકળાયેલા હોવાનું મનાય છે.

ગઢચિરોલી પોલીસે ભારતીય બંધારણની નકલો વહેંચીને તેમનું મુખ્ય પ્રવાહમાં સ્વાગત કર્યું છે. પોલીસ અધિક્ષક નીલોત્પાલે માહિતી આપી કે ગઢચિરોલી જિલ્લામાં માત્ર ૬ સશસ્ત્ર નક્સલીઓ જ આત્મસમર્પણ સ્વીકારવા બાકી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV. CENSUS 2027

વસ્તી ગણતરી-2027નો પ્રથમ તબક્કો આજથી શરૂ થશે. આ વખતની વસ્તી ગણતરી કવાયત વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી હશે. પ્રથમ વખત, વસ્તી ગણતરી ડિજિટલ રીતે હાથ ધરાશે અને સ્વ-ગણતરીનો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે.

સ્વ-ગણતરી આજથી આ મહિનાની ૧૫મી તારીખ સુધી ચાલશે. ૧૬ એપ્રિલથી ૧૫ મે સુધી એક મહિના માટે આંદામાન અને નિકોબાર ટાપુઓ, દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડ, ગોવા, કર્ણાટક, લક્ષદ્વીપ, મિઝોરમ, ઓડિશા અને સિક્કિમમાં ઘરોની યાદી અને રહેઠાણ ગણતરી હાથ ધરાશે. ઘર યાદી - HLO અને વસ્તી ગણતરીમાં પહેલી માર્ચ 2027ને સંદર્ભ તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે.

દેશભરમાં 2027ની વસ્તી ગણતરીમાં 30 લાખથી વધુ ગણતરીકારો, સુપરવાઈઝર અને અન્ય અધિકારીઓ સામેલ થશે. બીજો તબક્કો, આવતા વર્ષે ફેબ્રુઆરી દરમિયાન હાથ ધરવામાં આવશે. તે વય, લિંગ, વ્યવસાય, સાક્ષરતા અને જાતિની વિગતો સહિત વ્યક્તિગત-સ્તરના ડેટા એકત્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. કેન્દ્ર સરકારે 2027ની વસ્તી ગણતરી માટે 11 હજાર 718 કરોડ રૂપિયાથી વધુના ખર્ચને મંજૂરી આપી છે.

# RUSSIA- PLANE CRASH

રશિયાનું AN-26 સૈન્ય પરિવહન વિમાન તૂટી પડતાં 29ના મોત થયા છે. વિમાનમાં 23 મુસાફરો અને છ ક્રૂ સભ્યોના સવાર હતા.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે વિમાનનો સંપર્ક અગાઉ તૂટી ગયો હતો, તે ક્રિમીઆ દ્વીપકલ્પમાં એક ખડકમાં તૂટી પડ્યું હતું. પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, ટેકનિકલ સમસ્યાઓને કારણે આ દુર્ઘટના થઈ હોવાનું માનવામાં આવે છે.

# TRUMP-STRAIT OF HORMUZ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે તેઓ હજુ સુધી હોર્મુઝ સામુદ્રધૂનીને ફરીથી ખોલવા ઈરાન પર દબાણ ઊભું કરવાના ચાલી રહેલા પ્રયાસોમાંથી અમેરિકન સૈન્યને પાછું ખેંચવા તૈયાર નથી. એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં શ્રી ટ્રમ્પે નાટોના સહયોગી દેશો પ્રત્યે સતત નિરાશા વ્યક્ત કરી, સૂચવ્યું કે તેઓએ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગને સુરક્ષિત કરવાની જવાબદારી લેવી પડશે. સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા શ્રી ટ્રમ્પે સાથી દેશોને પરિસ્થિતિનું સંચાલન જાતે કરવાનો સંકેત આપ્યો હતો.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ....

**VC- PRASHANT KUMAR**

# JAISHANKAR- PORTUGAL

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે સાંજે તેમના પોર્ટુગીઝ સમકક્ષ પાઉલો રેન્જેલ સાથે વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, બંને દેશોએ પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

આ ઉપરાંત ભારત અને પોર્ટુગલ વચ્ચે દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી.

# REV. ASIAN CUP QUALIFIERS

ફૂટબોલમાં, AFC એશિયન કપ સાઉદી અરેબિયા 2027 ક્વોલિફાયર્સમાં ભારતે હોંગકોંગને 2-1થી હરાવ્યું. આ મેચ ગઇકાલે કોચીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ભારત માટે રાયન વિલિયમ્સ અને આકાશ મિશ્રાએ દરેક હાફમાં ગોલ કર્યા. આ સાથે, ભારતે કોચીમાં પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો. ભારતે એક જીત, બે ડ્રો અને ત્રણ હારથી પાંચ પોઈન્ટ સાથે પોતાનું અભિયાન સમાપ્ત કર્યું.

# IPL

IPL ક્રિકેટમાં, પંજાબ કિંગ્સે ગઈકાલે રાત્રે નવા ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ચોથી મેચમાં ગુજરાત ટાઇટન્સને ત્રણ વિકેટથી હરાવ્યું.

અગાઉ, બેટિંગ કરતાં ગુજરાત ટાઇટન્સને નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 162 રન બનાવ્યા હતા. અણનમ 72 રન બનાવનાર પંજાબના ખેલાડી કૂપર કોનોલીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે, લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પાંચમી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં સાણંદ ખાતેના કેન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્ઘાટન અને અમેરિકા-ઈરાન યુદ્ધ અંગેના સમાચાર લેવાયા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, રાષ્ટ્રના આત્મવિશ્વાસની ચિપ ગુજરાતમાં તૈયાર.
- સંદેશ લખે છે કે, મેડ ઇન ઈન્ડિયા - મેક ફોર ધ વર્લ્ડ: મોદી.
- ફૂલછાબે લખ્યું છે કે, સાણંદ સેમિકંડક્ટર પૂરી દુનિયાને પવાર આપશે: મોદી.
- ગુજરાત સમાચાર લખે છે કે, ટ્રમ્પે ફેરવી તોળ્યું: હોર્મુઝની ખાડી વગર યુધ્ધ સમેટીશું.
- નવગુજરાત સમય લખે છે કે, આજથી નવો આવકવેરા કાયદો અમલમાં વિદેશી ટુર સસ્તી.
- સ્થાનિક સમાચારોમાં સુરતના મકાનમાં આગ લગતા બાળક સહિત 5ના મૃત્યુ, ઈરાન યુદ્ધની વચ્ચે ગુજરાતના 50 હજાર પ્લાસ્ટિક એકમો સંકટમાં, ગુજરાતમાં ન્યાયતંત્રમાં AI યુગની શરૂઆત - HCમાં હવે 'ફ્રી ઇ - સર્ટિફાઇડ કોપી' મળશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.